શ્રી.

ઓમ નમો શિવાય

સતિ સાંકુબાઇની

સુવાર્તા તથા રસિક કવિતો.

રચી પ્રગટ કરનાર

બનાવનાર

નાયક આત્મારામ ખુશાલ.

ગારતર—કડી.

સને ૧૯૦૭ સંવત ૧૯૬૩

કીંમત આના ચાર.

અમદાવાદ હિતેચ્છુ પ્રેસ

શ્રી

ઓમ નમો શિવાય

સતિ સાંકુબાઇની સુવાર્તા તથા રસિક કવિતો.

રચી પ્રગટ કરનાર

બનાવનાર

નાયક આત્મારામ ખુશાલ.

માસ્તર—કડી.

સને ૧૯૦૭ સંવત ૧૯૬૩

કીંમત આના ચાર.

અમદાવાદ હિતેચ્છુ પ્રેસ

શ્રી

અર્પણ પત્રિકા.

૧૯૫૫

મારા જે મીત્રો તરફથી આ પુસ્તક છપાવવામાં જે જે મદદ થઇ છે તેમની સહાયતાના સ્મરણાર્થે આ ગ્રંથ હું તેમને માન અને ઘણા પ્રેમપુર્વક નિવેદન કરૂં છું.

લી૰

આત્મારામ ખુશાલ નાયક

કડી.

મનહર.

વિવેકી પ્યારા વાંચનારા વાંચો અતિ મન ધરી
દયા દ્રષ્ટિ ધારી મારી ભુલ માફ કરશો.
પુરો નહિ અધુરો હું કવિતા કામં કાવ્ય તણો
દોષ માંહે દેખાય તો દયા ઉર ધરશો.
સાન્તિવાળા સાહેબોએ સદા સદ્‌ગુણ ધરી
સરસ સુધારી ધારી વાહાલા વેગે વાંચશો
વળી મારા મહેરબાનો મહેર અતિ મન કરી
પર ઉપકારી પ્યારા પ્રેમ મન ધરશો.
હરનીશ હરિ ગુણ ગાતા સુખ પાવા કાજ
આત્મારામની અરજી હેતે હરી જન સ્વીકારશો.

રાગ ક્ષનીકલક.

ભજો હરી જન હરે હરૂં નામ, હરખ મન ઉર ધારીરે.
પુજો શીવાલયમાં શીવ સ્વામ, હરખ મન૦
કરો પ્રદોષ શીવરાત્રી સોમવાર, હરખ મન૦
ભોળા ભવ હર તારે ભવ પાર, હરખ મન૦
શુધ્ધ ચિત્તથી ધરો હર ધ્યાન, હરખ મન૦

મુકી મમતા અને બહુ માન, હરખ મન૦
નિરદિન રટો શંકર ત્રીપુરાર, હરખ મન૦
ધરો નિભુતિને કંઠ રૂદ્રમાળ, હરખ મન૦
લહો પંચાક્ષર પ્રભુ કરો પાસ, હરખ મન૦
આતમારામ હરિ સંત સહુનો દાસ, હરખ મન૦

કવિત.

ભજન કર ભાવે ભારી, ધ્યાન ધર જટા ધારી,
દુખનકો દુર પલમે, એસો ત્રીપુરારી હૈ
દેવનકો દેવ કહાવે, ભજન કરી લે ભાવે,
ભકતન પોતાનાકું, જો માગે તેહી દેત હૈ.
અમુલ્ય અવતાર પાયો, ધ્યાન મન નવ લાવ્યો
ગુણ તેરે ગોવિંદકો જરાએ નહિ ગાયો હૈ.
ગગનમાં કોલ કીયો જમકું જમાન દીયો,
એસે અબતાની હૈ કે ભુલ કયું ગયો હૈ.
માટે તું અચેત ચેત ભજનમાં કર હેત
હિત કેરા ભાવસે સદા શીવ રીઝત હૈ
શંકરકુ શરણાગત જાણો દયા તમ મન આણો,
આતમારામકો નાથ ભીખો સદા સુખ દેત હૈ.

કવિત.

ફેરીએ જતાં તહાં, ફરીએ સંતનકો સંગ;
સાધુ પ્રસંગ જ્ઞાન વાધે વાધે.
જ્ઞાન ફેરી ધુનમાં સદાયે સુખ ચીત્ત રહે;

તો ક્યાંસે હરિ રસ, લાગેહાં લાગે.
કહતદાસ આત્મરામ, ઐસો હે સજ્જનકો કામ;
તાકે માંસે હરી પદ, પાવેહી પાવે.

કવિત

અરે મતિમંદ, અતિ ફંદમાં ફુલાય ભગો;
ગયા ફેરી જાળામ, જરૂર ઝપલાયો હે.
રામ તજ્યું ધામ, શુભ નામ સમર્યું નહિ;
ધની મોટાજને માન, કથા કાન ન સુન્યો હે.
માટે સેવી સંત ચરણ, ધરી બીક મોટી મનું;
આત્મારામ કહત, પુણ્યે પ્રભુજી મીલત હે.

અંગ્રેજી ભણીને નઠારાં કૃત્યો કરનારા માણસ વિષે-કવિત.

મનહર.

સુણજો સજ્જન સહુ ભણેલાની ભાત ભલી,
ભવમાં ભણીને જુવાં ભગી ભરાય છે.
મોટાના જે છોરૂં તે તો મોટાઈને માન ધરી,
બાપની બડાઈમાં તે બહુ બહેકી જાય છે.
મેટ્રીક સીખ્યા પછી પ્રીવીયસ પાસ થઈ,
સહુ કામ સર્યું જાણી ચાકરીને ચહાય છે.
કલેકટર પાસે જઈ કરગરી કહે કહાની,
નોકરી ના આપે ત્યારે રોઉ રખડાય છે.

હુન્નર અધિક કરવાને ઉદ્યમ ના સુઝે છેક,
નર મોટા ખરે-ખરા નફટ થઈ જાય છે.
કોટ પાટલુન બુટ-શુટ શિર છત્ર ધરી,
ગસમાને ચડે મૂકી વિચીત્ર ચિતે થાય છે.
દેખી પર દાસ દૃષ્ટે મળવાનું મન કરી,
મદિરાને માંસ ખાઈ માન ભ્રષ્ટ થાય છે
સારાની માને શીખ છેલાઇમાં છાકી જાય,
બામટાના જેવા પછી ભુંડા હાલ થાય છે
આત્મારામ કહે આજ સુણો મેરે શિરતાજ,
કલીની કેળવણીથી સુખ સહુ જાય છે.

કલયુગની રીત વિષે.

કવિત મનહર.

સોભાકો સણગાર ગયો, ઘરાણે ઘડીયાળ ભયો;
બરણાગી । આલસમે, શિરપેર ખાયો હે.
ધર્મકી પતિત ગઇ, નીચકી સંગત ભઇ;
છોટે મોટે ખાનતજી, પવનકું પાયો હે.
રસમાંસે કસ ગયો, પ્રીતમા પ્રપંચ ભયો;
ભોગનકો રોગ સબ, દામ ઠીક ઠેર્યો હૈ
આત્મારામ અલ્પ મતિ, આતો સહુ મોટે મતિ;
દુખનકો દિન અતિ, કલી મળી આવ્યો હૈ,

પ્લેગ વિષે.

રાગ મરસીયા.

હોય હાયરે પ્લેગ પ્રબળપણું પામ્યો

પ્લેગ પ્રબળપણું પામ્યો, ઘણા દેશોમાં જીત પામી જામ્યો
રે—હોય હાય રે૦
મુળ મુંબાઈમાં પ્રથમ એણે નાંખ્યું, તેનું દુખ મોટા મોટે
સાંખ્યું રે—હોય હાય રે૦
નાઠા દેશ પરદેશના લોકો, પ્લેગ પુંઠે પેખીને મુકે પોકારે
હોય હાય રે૦
નગર ગામડું ના મુકયું એકે ખાલી, મોટા પ્રદેશોમાં પ્લેગ
ખુમ ચાલી રે—હોય હાય રે૦
સખત વખતમાં મોટું માથે બાનું, પ્લેગ સાંભળીને ભોર
રહે છાનું રે—હોય હાય રે૦
વેગ પ્લેગ સુણી સહુ થયા સિધા, નાના મોટા મન સાથે
બહુ બીધા રે—હોય હાય રે૦
વાકી કડીમાં ત્રીજીવાર આવ્યો, સાથે તાવને તેડતો લાવ્યો
રે—હોય હાય રે૦
પડ્યા ઉંદરો મોટી મુછોવાળા, ચતુર ચાહે છે ભરવા ઉચાળા
રે—હોય હાય રે૦
થયા કેસ દેશમાં દયા ભારી, દેખી દ્રષ્ટિએ દુનિયાં હારી રે
હોય હાય રે૦

કહું વિપરીત વાતની રીત્યું, દુખ દાવાનળ માંચે વિત્યું
હાય હાય રે૦
બોલે બપૈયા મરોડ કરી મોર, જમ જેવાનું ચાલે નહિ
જોર રે—હાય હાય રે૦
મુક્યાં જનેતાએ જણેલાં બાળ, કેનો કળી મધ્યે આવી
બન્યો કાળ રે—હાય હાય રે૦
ગ્રૃધ માબાપ છોડીને ચાલ્યા બેટા, પ્લેગ ગાંઠ સાંભળીને
રહે છેટા રે—હાય હાય રે૦
ત્રીયા ત્રછોડી જરૂર જાય બાળા, ગુણ જ્ઞાનના રસીક રૂપાળા
રે—હાય હાય રે૦
મળી માહાજને મનસુબે. કીધા, પાડી આગ્રુજો હરાન
હુકમ દીધા રે—હાય હાય રે૦
મહોલ્લે મહોલ્લે હવાન હોમ થાય, ગામ બહાર ઉજાણી
સહુ જાય રે—હાય હાય રે૦
ગ્યો પ્લેગ તણો નહિ વેગો, સબળ દેખાયો તાવનો સેગો
રે—હાય હાય રે૦
માહા દુખમાં સુખ છેક છોટા, દીસે ડાકટર દયાળુ મોટા
રે—હાય હાય રે૦
ચાહી ચુનીલાલ ચાતુરી તમારી, બડા ડાકટર બહુ ગુણકારી
રે—હાય હાય રે૦
દીધી દરદીને દવા સુખકારી, રાખી રઈયતની સંભાળ
સારી રે—હાય હાય રે૦
સબળ સૃષ્ટિના કરનાર સુણો વાણી, માગે આત્મારામ ક્ષમા
જોડી પાણી રે—હાય હાય રે૦

સ્વદેશના માલ વિષે.

રાગ સાખ્યા.

સુણજો સ્વદેશના સહુ લોકોરે, મૂકજ્યો પ્રદેશી માલના પોકો:
સુરા થઈ શાણા સંપ કરી અતિ, હુન્નર હુન્નર હલાવો
પ્રદેશની પ્રેમી પ્રીત ઉતારી, સ્વદેશે શાન્તિ ફેલાવોરે; સુણજ્યો૦
બહુ બાહાદુર બંગાળા કહાવે, દેશ સ્વદેશની શાખ રાખી,
અસલ હુન્નો અળગા કરીને, ચાતુરી ચીજને ચાખીરે સુણજ્યો૦
પ્રદેશી માલ પ્રૌઢ કીમતે હોય પણ, નવા પૈસે નવ રાખો;
સ્વદેશના સુખે દુખ આવે તોય, સરળતાથી સાંખોરે. સુણજ્યો૦
દેશી ધોતીયાં, દેશી અંબોટીયા, દેશી ડગલાને ટોપી;
પરદેશી પહેરવેશ પડતો મૂકીને, દેશી દેખાડજ્યો ઓપીરે. સુણજ્યો૦
નિતિ વધારો રીતી સુધારો, નીતિની રીતીમાં ચાલો,
દેશીના દુઃખમાં દ્વેષ તજીને, કરોડ હાથે ચાલોરે; સુણજ્યો૦
સમજુ ને શાણા સીખસ્યુ દીજીએ, સમજ દેનારાઓ સાચી;
દેશી વિદેશીનો વિવેક વિચારી, રહેજ્યો રૂદે રામ રાચીરે. સુણજ્યો૦
સંપી સુધારો સહુ સુભ કામો, સ્વદેશનું સુખ સાંચો;
આત્મારામ અતિ એમ કહે છે, રાજ રામ મારા વાંચોરે સુણજ્યો૦

सति सांकुबाइनी सुवार्ता.

રાગ ચોપાઇ.

તમે સુણજો સજન મારા વીર, દયા ધારી રાખો મન ધીર,
ભાવે ભજીએ ભોળો શીવરાય, અંતે ભવ જળ પાર તરાય.
જે કોઈ ભજે શંકર અવિનાશ, થાય શત્રુ સઘળાનો નાશ,
તેના ઉપર કહું એક વાત, સાંભળો સુવિવેકી જાત.
અહીકાવતી નગરી વિશાળ, રામસીંહ નામે ત્યાંનો ભુપાળ,
શીવભક્ત પુજે શીવરાય, મોટા મોટા લાગે તેની પાય.
પાળે પ્રજાને પુત્ર સમાન, નિચ ઉંચનું નથી જેને માન,
તેના નગ્ર તણા મોઝાર, વસે ભુરો કણબી નીરધાર.
તેના ઘરમાં સુંદીર એક નાર, તેના રૂપ તણો નહિ પાર,
બન્ને ભરજોબન વેશ, તેમને પુત્ર છે નામે ગણેશ.
થયું રૂડું તેનું ઘર સુત્ર, બીજા વળતી થયા ત્રણ પુત્ર,
ધન ધાન તણો નહિ પાર, એમ કરતા મોટા થયા બાળ.
પરણાવીયા ખરચી ધન ભારી, ઘેર તેડી છે ચારેની નારી,
તેવે થયો ડોસાનો કાળ, તેની લાગી અંગે મોટી જવાળ.
માની આગ્નામાં રહેતા ચેતી, કરતા ધંધો ચારે જણ ખેતી,
માતા કહે છે તેમ કરે છે, મા મરજાદમાં તે ફરે છે.
સાસુ વહુરોને ના આવે રાગ, ચોરી કરે વહુરો જોઈ લાગ,
થયું સાસુને તેનું જાણ, મારો મારો કરે ઘમસાણ.

૧૯૨૧

ભુંડા શબ્દ મોઢેથી ભાખે, અન્ન ખાવા પુરૂં ના આપે,
ઘરમાં કંકાસ કરે બહુ, સામાસામી વઢે સાસુ વહુ.
એમ કરતાં વિત્યો ઘણો કાળ, મુઆ સ્ત્રી સાથે ત્રણ બાળ,
રહ્યો પુત્રને એકજ નાર, તોય મુકે નહિ તે ખાર
સાસુ વહુને અંટશ પડી ભારી, ખાવા આપે નહિ ઝાઝુ મારી,
વહુ મનમાં વિચાર કરે, બીક સાસુ તણી ઘણી ધરે.
ખાવાનું દુખ દેછે અપાર, તેનો મારે શો કરવો વિચાર,
એવું મન સાથે ઘણું માલે, સાસુ આગળ તેનું નવ ચાલે.
એક દિવસ સાસુ ગઇ બહાર, તેવે આવ્યો ગણેશ કુમાર,
જોઇ રંભા એકલી જ્યારે, બોલ્યો બાળક સુંદર ત્યારે.
કેમ કરમાયું નારી મુખ, મમ છતાં તને શું દુખ,
ત્યારે બોલી નારી વિચાર, તમે સુણજો ચતુર સુજાણ.
સાંભળો તમે સ્વામી મારા, પ્રાણ થકી તમે છો પ્યારા,
તમ માતા દુખ દે અપાર, ભુખે રહેવાતું નથી લગાર.
દુખ કહેતાં ના આવે પાર, મારે શ્યો કરવો વિચાર,
ત્યારે બોલીઓ બાળક સાર, તમે સાંભળો સાધવી નાર.
મમ માતા દુખ દે ભારી, એવુ અમને ના લાગે લગારી,
તમે જુઠું બોલો છો નાર, ખોટું બોલશ્યો તો ખાશો માર.
માતાના જાણે ગુણ બાળ, પણ કહેવાય નહિ કોઇ કાળ,
જેવી તેવી પોતાની માત, તેની કેમ કરીએ એવી વાત.
એમ બોલી ગયો તે બહાર, આવી ઘરમાં સાસુ તેણીવાર,
રંડા તે શો કીધો વિચાર, ખરૂં બોલો નહિ તો ખાશો માર.
ત્યારે બોલી છે પેલી નાર, મેં તો નથી કીધો કાંઇ વિચાર,
એવે જન આવ્યો બહારથી એક, બોલ્યો કરીને મન વિવેક.

મારા મુસાળ પક્ષ મોઝાર, મુઓ મારો મામો નીરધાર,
તેથી કરવા જવી તેની કાણ, સાસુ વહુ સુણો નિરવાણ.
ઝટ તૈયાર થાઓ એક, બાઝો નહિ શંભુ રાખે ટેક,
ત્યારે સાસુ બોલી સુણો વહુ, આજ નાતણું જાય છે સહુ.
તેથી ગયા વિના ન ચાલે, વારો આપણો આવે કાલે,
હું તો જાઉં છું રૂડી પેર, કાલ સવારે આવીશ ઘેર.
નથી થવાની મુંને ત્યાં વાર, વસ્તુ કરશી ના ખાહશ લગાર,
હું તો આવીને આપીશ ખાવા, હવે મુજને દે તુ જાવા
રંડા કલેશ કરીશ અપાર, તો હું આવીને મારીસ માર,
એવું કહીને ગઈ તેણીવાર, ત્યારે વહુએ રચ્યો કીધો વિચાર.
ઘરમાં છે જોઈએ તે ચીજ, લેવા જાવું ના પડે બીજે,
ધનનો ઘરમાં નથી કાંઈ પાર, માટે હું તો કરૂં કંસાર.
એવું ધારીને ઓરડે ગઈ, ઘઉં ઘી ગોળ લીધો સહી,
જોઈ ઘઉંને ભરડ્યા બેઠી, ધામે રહી રસોડે પેઠી.
આધણુ મેલતાં ના લાગી વાર, ઘડી એકમાં કીધો કંસાર,
એ વાત તો એટલે રહી, સાસુ કેરી શી ગત થઈ.
ગઈ સહુની સાથે ગાઉ એક, અતિ તાવ આવ્યો તેને છેક,
તેથી હીંડાય નહિ લગાર, ત્યાંથી પાછી વળી તે નાર.
આવી ઉભી શેરી મોઝાર, હીંડતાં તો ના લાગી વાર,
તેવે દહાડો ઘડી રહયો એક, તાવ આવ્યો તેને વિશેક.
ખડખડકી બારણું પેઠી, આવી ઓરડા મધ્યે બેઠી,
કહે સાંભળો સાંકુ વહુ, મુજને તાવ આવ્યો છે બહુ
કરો પથારી ના લાગે વાર, તાવથી દુઃખ અપરમપાર,
કહેતાં કહેતાંમાં કીધું જ્યારે, સાસુ સુઈ રહી છે ત્યારે.

બેઠી સાંકુ સાસુંની પાસ, મનમાં રાખી ઘણો હુલાસ,
સાસુ ઉંઘી ગઈ છે જ્યારે, વહુએ વિચાર રચ્યો કીધો ત્યારે,
મારે શી રીતે હવે ખાવું, પેલો કંસાર લેઈ ક્યાં જાવું.
જો થાશે સાસુજીને જાણ, મુને કાઢી મૂકે નિરવાણ,
હવે રચો કેવો ઉપાય, હેઠે બેસીને ઉભી થાય.
એમ કરતી ગઇ તે બહાર, ઘર પછાડે વાડામાં ઠાર,
દેખી દ્રષ્ટિ માહાદેવનું દહેરૂં, હરખ્યું તેનું તો મન ઘણેરૂં.
ઠણો લાગ્યો તે ફાવી, ફરી વિચારીને ઘરમાં આવી,
સાસુને કહે સાંભળો માય, પાણી મૂક્યું મેં પીવા કાય.
તેથી નાહવા હું તો જાઉં, તળાવમાં નાહીને આવું,
શ્રી સરીત કીધાં છે અપાર, મોટા મોટા પામે નહિ પાર,
ત્યારે સાસુ બોલી સાંભળ નાર, નાહી આવો ના લાગે વાર.
એમ કહીને સહેજ રહી, ઘડી એકમાં ઊંઘી રહી.
લીધો કંસાર ના લાગી વાર, આવી માહાદેવ દહેરામાંય.
ખાવા બેઠી જ્યારે નારી, વાત બોલ્યા સંભુએ જાણી,
ખાવા તૈયાર થઈ સ્વસ્થ, તેવે બાણમાં નીકળ્યો હસ્ત.
પોતે પ્રભુજી જુગદાધાર, શરણાગતની લે સંભાળ,
પરણ્યાં પોતાનાં જાણી, દયા દીલ વિષે ઘણી આણી.
નારી ખાય ને ખુશી થાય, તેવે હસ્ત સામી દ્રષ્ટિ જાય, !
જોઈ હરખો લીંગમાં પાણી, કહે બાણ સંગાથે વાણી.
આ રંક બિચારો માહાદેવ, તેની બ્રાહ્મણ કરે સેવ,
રેડી પાણીને પાધરો જાય, મોઢે ભણભણતો સીવરાય.
નામ ખાવા તણું નવ લહે, ભુખ મારા જેવું તે સહે,
અરર આજુ દહે માહાદેવ, તુંને આપું હું મોહ મેના.

તારં દુખ ભૂખનું કહાડું, અતિ શાન્તિ તુને પમાડું,
ખોલે શબ્દ નહિ બાણુ એક, તેથી ક્રોધ ચઢયો તેને છેક.
અલ્યા માહાદેવ મુરખ છેક, હવે કોળીયો આપુંજ એક,
તું તો અવગુણી અપરમપાર, આપું તોય ના બોલે લગાર.
નફ્ફટ તું તો નીર્લજ નેટ, અતિ ડરાવે અસહ્ય બેઠ.
એમ બોલી ઘણું મુખે બોલ, પ્રભુ તેનો ના રાખે તોલ.
ધિક ધિક મનુષ્ય અવતાર, પ્રગટ પ્રભુના ઓળખ્યા નાર,
દીધા કબાવે કોળીયો એક, પ્રભુ આરોગીયા ધરી નેક.
ભકિત ભાવ હ્રદેમાં જાણી, દયા દીલ વિષે ઘણી આણી,
પોતે ભવહર જુગદાધાર, અવગુણ ના જુવે લગાર.
ભાવ પોતા ભણી જોઈ સાચા, જુગદીશ ઘણું મન જાચવા,
આઇ કંસારને જાય ઘેર, કેવી પાછળથી થઇ પેર.

રાગ દોહરો.

સાસુ સુતી પથારીમાં, મન કરે વિચાર;
વહુ ગઈ નાહાવા કારણે, કેમ લાગી ઘણી વાર.
ઝબકી જાગી તે ઘણી, બેસીને ઉભી થાય;
રંડા કયાં નાશી ગઇ, જોવા બહાર તે જાય.
સામે વહુ આવે સહી, સાસુને થઈ જાણ;
માતાજી સુખે સુવો, બોલી મધુરી વાણ.
બોલી સાસુ તે સમે, હેતે પાસે જઇ:
ધણી તારો આવશે, ખાવાની વેળા થઈ.
બળતી વહુ બોલી ધીમે, તમે સાંભળો મારી માય;
પળમાં રાંધું ખીચડી, એમ કહી રસોડે જાય.

તેવે ડોશીનો દીકરો, ખેતરથી આવ્યો જેહ;
માતાજી સૂતાં દેખી, કહેવાને લાગ્યો તેહ.
ભૂખ લાગી મુજને ઘણી, ખાવાને આપો માય;
આકુળ વ્યાકુળ તે થઇ, હેતે રસોડે જાય.
બોલી માતા તે સમે, તું સાંભળ વાણી વહુ;
રાંધ્યું હોય તો આપજો, હું રોજ રોજ શું કહું.
વહુએ ખાવા પીરશ્યું, જરા ન લાગી વાર;
વળતી બાળક બોલીયો, પ્રેમ લાવી અપાર.
સાંભળ નારી માયરી, આજે આપણો દાવ;
માતાની સેવા કરો, ઉતારે તેમનો તાવ.
વાણુ કરી વળતી વદે, સાંભળો સ્વામી આગ;
માતાને તાવ ઉતર્યો, જુઓ પ્રાણજ પ્યારા.
રાત ગઇ તેવે ઘણી, સુવાનું કરે મન;
હર્ષ વિનોદ વાતો કરી, તેવા પુરૂષને ધન.

રાગ ચોપાઈ.

રાત વિતીને ગયો સોક, ઉઠ્યા સર્વ નગરીના લોક,
કોઈ પ્રભાતનાં ગીતો ગાય, કોઇ પૂજાને દર્શને જાય.
મહાદેવનો પુજારી જેહ, સેવા કરવા આવ્યો તેહ,
જોઇ બાણુમાં કારમો કર, કંપ્યો મન સાથે થર થર.
બેસી પૂજાને પાછો વળ્યો, જઇ મોટા હાકેમને મળ્યો,
બોલ્યો રાજા સાથે વાણ, સાંભળો તમે ચતુર સુજાણ.
માહારાજ તમારૂં જાશે રાજ, કોપીયા છે શીવ શીરતાજ,
કરી માહાદેવ દેવળની વાત, અચંબો પામ્યો રાજા તાત.

ખરૂં સુણીને ખેદજ થાય, રાજા મહાદેવ દેરે જાય,
હુકમ દીધો સીપાઈને જઈ, બોલાવો પ્રધાનજ અહીં.
આ કરનું શું કારણ હશે, કર લીંગમાં પાછો કેમ જશે,
પ્રધાન બોલ્યો હેતે વાણ, સાંભળો રાજન ચતુરસુજાણ.
બોલાવો બ્રાહ્મણ રૂષિ રાજ, શુભ કરવા આપણું કાજ,
હોમ હવાન ને જપ કરાવો, મહીમન રૂદ્રીના પાઠ ભણાવો.
કરાવો બ્રાહ્મણ ભોજન, શાન્તિ પામે શીવજી મન,
એવાં સુણી વજીર વચન, હર્ષ પામ્યો રાજા અતિ મન.
રૂદ્ર અભિષેક શીવને થાય, લોક ગમના જોવા જાય,
મળી મેદની અપરમપાર, કહેતાં ગ્રંથ પામે વિસ્તાર.
વાગે વાજીંત્રો રૂડી પેર, લોકોના મનની લીલા લહેર,
અખંડ રાતને દિવસ સહી, માસ એક એમ વાત્યો તહીં.
બ્રાહ્મણ નીત્ય કરે ભોજન શાન્તિ પામ્યા શીવજી મન,
દીધાં યાચકને બહુ દાન, કરાવ્યાં નિત્ય કથાને ગાન.
નાયકા નાચે ને ગીતો ગાય, લોકોના મન હરખ ન માય,
પણ કર શીવ બાણે નવ ધરે, રાજા મન ચીંતા અતિ કરે.
પછી તેડાવ્યા પુરના લોક, બોલ્યો રાજા અતિ ભરી શોક,
સાંભળજ્યો પૂરવાસી તમો, હાથ જોડી કહીએ અમો.
રીઝવાશે સીવનું મન, તેને આપું ઝાઝું ધન,
કરે એટલું મારૂં કાજ, ઉપર આપું અડધું રાજ.
ફેરવ્યું બીડું પાનનું સહી દ્રષ્ટિએ કોઇ નીરખે નહિ,
રાજાને મન ચિંતા થાય, આડા અવળા કહેવા જાય.
લેવા બીડું કો કર નવ ધરે, રાજા અતિ મન સોચજ કરે,
બેસી તકીઓ સાસુ સંગ, જોવા આવી સીવનો રંગ.

ફરતું બીડું આવ્યું જ્યાં, સાસુ વહુ ઉભા છે ત્યાં.
સાસુ થોડેક છેટે ગઈ, વહુએ બીડું ઝડપ્યું તહીં.
ઘાલ્યું માઢ મોકળે મન, સીવજીને કરવા પ્રસન,
એ માવેતીયો મારો વિર, મેં આપ્યું ખાવા ધરી ધીર.
કેમ નહિ સૂણે મારૂં કાન, રાખે નક્કી મારૂં માન,
જો સમજાવું ને સમજે નહિ, લાકડીથી કર બાણું અહીં.
વિચાર મનમાં એવા કરે, દૃષ્ટિ સાસુની તેવે પડે,
સુણી પાન ખાધાની વાત, કુટે સાસુ છાતી સાથ.
હે રંડ તેં કીધો કેર, વાવ્યું કીયા ભવનું વેર,
રાજાનું કામ જો ના થાય, તો અમારૂં નાકજ જાય.
એ મોટા દેવાનો દેવ, તેં શી એની કીધી સેવ,
અતિ મોટા તપસ્વી જન, અખંડ કરતા સીવ ભજન.
તેને પણ સીવજી નવ મળે, તો તારૂં કારજ કેમ સરે,
ધરી વિભુતી અવધુત વેશ, વૈરાગ્ય લાવી ફરેન રેશ.
ઘણી દયાથી દાનજ કરે, પણ સહેજે પ્રભુ નવ ફળે,
અનેક જન્મથી આદર કરે, ભાવ ભકિત અતિ મનમાં ધરે.
તે પુન્યના જોગે જન, પ્રસન્ન થાય સીવજીનું મન,
તો તુજને સીવજી કેમ મળે, એ તારૂં કારજ કેમ સરે.
એવાં સુણી નીતિ વચન, અતિ હર્ષ પામી સાંકુ મન,
બોલી સાસુ સાથે બાણી, ઘણું હેત અંતરમાં આણી.
સાંભળજો તમે મારી માય, નક્કી થવાનું હશે તે થાય,
ખાધું બીડું સ્યો ઉપાય, હવે અહીંથી કેમ જવાય.
જાણી વાત નગરના લોક, ખાધું બીડું તે સર્વે ફોક,
તે બાપડીથી શું થાય, હસ્ત બાણમાં કેમ કરી જાય,

ઠાર જેવી કણબીની જાત, તે શું સમજે બીજી વાત.
થાશે હમણાં નૃપની હાંસી, એટલે તેને દેશે ફાંસી,
એમ લોકો વાતો ઘણી કરે, ચિંતા વહુ મનમાં ન ધરે.
જોઇ બેહદું લીધાની રીત, રાજા ચકીત થયો મન પ્રીત.
મનસુબો કીધો મન સાથે, હવે હુકમ ફરમાવો આજે.
બોલ્યો વિવેકે મધુરી વાણ, સાંભળ સાંકુ ચતુર સુજાણ,
કર લેવાનો હતો આજ, એટલે આપું ધનને રાજ.
સુણી હુકમ બોલી વાણી, સુણો રાજા અતિ હેત આણી,
હું તો મહાદેવ દેરે જાઉં, બીજા દીનમાં પાછી આવું.
ત્યાં સુધી બંધ રાખો બાર, એવી અરજ સુણો આ વાર,
સુણી વીનતાની મધુરી વાણી, બોલ્યો રાજા અતિ હેત આણી.
જાઓ કરો તમારૂં કાજ, ભાવે બેઠી આપું રાજ,
એ વાત તો એટલે રહી, સાંકુએ શું કીધું સહી.
લીધો ઘોડો હરખી કાજ, રીઝવવા ગઇ સીવરાજ,
વાસી બારણું પેઠી માંય લોક મળ્યા જોવાને ત્યાં.
બોલી સૌની સાથે વાણી, હેતે સુણો સારંગ પાણી,
કીધું મેં ચોરીનું કામ, શું બેઠું કરિ તમને દામ.
આપ્યું તેમાં લીધી લાજ, એવા તમે અવગુણી રાજ,
ગુણ પછવાડે અવગુણ કરે, તે તો નક્કી નરકે પડે.
પરધન હરવા રાખે રંગ, પરનારી સાથે કરે સંગ,
પ્રીત ધરીપર નિંદા કરે, તે તો નક્કી નરકે પડે.
કામલવરણી મોટી કાય, બીજાનું ધન ખાવા ચહાય,
પૈસાદાર થઇ પુન્ય નવ કરે, તે તો નક્કી નરકે પડે.
છાનું લગાર ના રાખ્યું છેક, બળી તમારી સીવજી ટેક,

કરગરી કહું હેતે આજ, ભોળા સંભુ રાખો લાજ.
એમ અતિ વિનંતિ બહુ કરે, પણ સીવજી કાને નવ ધરે,
જોઈ રાહ તેણે દીન એક, ક્રોધ કર્યો પછે અતિ છેક.
ધોકો લીધો હાથે જ્યાં, પશુપતિ મન ચેત્યા ત્યાં,
હેતે હરખી ધોકો લીધો, કરવા કાજ પોતાનું સીધ.
ચેત્યા ચત્રભૂજ ધરી ચીત્ત, થયા પ્રસન પ્રભુ અતિમતિ રીત,
લીધો બાણુમાં પેલો હાથ, બોલ્યા નીરમળ નારી સાથ.
માગ્ય માગ્ય પ્રસન હું આજ, પુરૂં મનોરથ તારા કાજ,
બોલી નારી નીરમળ મન, પ્રભુ તમે જો હો પ્રસન.
તો તમ ચરણે રાખો ચીત્ત, દર્શન દેજ્યો નવ નવાં નિત્ય,
અસ્તુ કહી બોલ્યા ધન ધન, જ્ઞાન થયું નારીને મન.
ધ્યાન સીવનું ધરી ઘડી એક, રાખી મનની સાથે ટેક,
પછે ઉઘાડી પેલું બાર, હેતે આવી સભામો ઝાર.
દેખાયો નહિ બાણુમાં હાથ, રાજા હરખ્યો મનની સાથ,
જોવા મળ્યા નગ્રની વાસી, રાજા રાણી દાસને દાસી.
ધન્ય ધન્ય કહે પૂના લોક, પામ્યાં હર્ષ મટ્યો અતિ સોક,
ભલા ભલા રૂડા સીવરાજ, તમ મહીમા મોટો મહારાજ,
પ્રભા તે તમ દર્શન કરે, તેનાં સહેજે કારજ સરે.
મધ્યાને જે દર્શન આવે, તે સદા સીવ સરણે જાવે,
સંધ્યાએ દર્શન જે કરે, રોગ વિયોગને સોકજ હરે.
પ્રેમે ચઢાવે સીવને જળ, તેનું થાયજ મન નીરમળ,
પૂજા કરી વગાડે ગાલ, પ્રભુ તેને કરી નાંખે ન્યાલ,
અરચે ચંદન સંકર સીશ, કષ્ટ હરે ઉમા પતિ ઇસ.
જે ચઢાવે બીલીનું પત્ર, તે પામે સોનાનું છત્ર,

પર દક્ષિણા કરીને લાગે પાય, ભોળો સંભુ કરે સહાય.
કરે ભાવેક ભાવે સેવ, તેને પ્રસન્નથી માહાદેવ,
જોઈ નારીનું રૂડું કાજ, હેતે આપ્યું રાએ રાજ.
સાસુ વહુને જોવા જાય, લળી લળીને લાગે પાય,
મેં તો અવગુણ કર્યો તમારો, અપરાધ ક્ષમા કીજે મારો.
અતિ દાઝ અંતરમાં જાણી, દુખ દેતા દયા નવ આણી,
મારો વાંક ક્ષમા કરો આજ, વહુજી રાખો મારી લાજ.
સુણી સાસુનાં હેત વચન, દયા થઇ સાંકુને મન,
બોલી સાસુ સાથે વાણી, કરગરીને કહે દ્રી પાણી.
આ તો પૂન્ય માતાજી તમારૂં, તેમાં હું તો કશું નવ જાણું.
રૂડી હસે તમારી સેવ, તે પુન્યે રીઝયા માહાદેવ,
જાણી મુજને બાળ તમારૂં, પંચવદન પ્રભુ થયા કૃપાળુ.
ધન માતાજી તમારો વેત, પ્રભુ પ્રસન થઈ રાખ્યું હેત,
લખ્યા લલાટે વિધીના લેખ, નવ થાય તે મીનમેખ.
તેનો હર્ષ સોક નવ ધારી, ભાવે ભજો હવે ત્રીપુરારી,
હવે રહી નહિ કાંઈ ખામી, હેતે હરિનું દર્શન પામી.
તે તો માતા ગુણ તમારો, મુજ ઉપર દયા દીલ ધારો,
ધન ધન સાંકુ બુધ તમારી, અવગુણ ઉર ગ્રહ્યા ન ભારી.
દેખી છીદ્ર બીજાનું જેહ, ઢાંકવા યત્ન કરે નર તેહ,
સમજણ આપી સુજ કરે, તે સહેજે ભવસાગર તરે.
મેલો ઘેલો ગરીબ જન, તે ઉપર રાખે ઘણું મન,
દયા લાવીને દાનજ કરે, તે સહેજે ભવસાગર તરે.
પર ઉપકારી મોટા જન, હરજીવ ભાખે હરિ ભજન,
માનને મમતા નવ ધરે, તે સહેજે ભવસાગર તરે.

જુઓ કર્મની કેવી કહાણી, મળ્યું રાજ અને થઇ રાણી,
સાસુ વહુને ગણેશ બાળ, ભાવે ભજે તે દેવ મોરાર.
ભકિત ભાવે કરી ધરી નેહ, અંતે સીવ પદ પામ્યાં તેહ,
ધન્ય ધન્ય મનુષ્ય અવતાર, ભાવે તે ભજ્યા વિશ્વાધાર.
ધન્ય ધન્ય બાળાપતિ ઇશ, ધન્ય માયાના પતિ જુગદીસ,
જય અધમ ઓધારણ સ્વામી, કરતા હરતા અંતરયામી.
જયભક્ત તણા પ્રતિપાળ, જય દીનબંધુ દીન દયાળ,
કુભાવે કરીને કીધું કામ, તેમાં રીઝી દીધું દામ.
તો ભાવે ભકિત કરે જેહ, અંતે સીવ પદ પામે તેહ,
ભાવે કરે પ્રભુ ભજન, ઇશ્વર ઉપર રાખી મન.
હેતે ધ્યાન નિરંતર ધારે, તો તેને પ્રભુ કેમ નવ તારે,
ભાવે કરીને કરે ભજન, પ્રેમે પૂજે પંચવદન.
અતિ કરે ભકિત જન જેહ. તેને ધરવો પડે નહિ દેહ,
તેનું જન્મ મરણ દુખ જાય, અંતે સહાય કરે સીવરાય.

રાગ દોહરો.

ફરી ફરી આ પળ નહિ આવે, સાંભળવાનું ટાણું,
કૃષ્ણ હાથ છે કાલ કેરૂં, કેવું વહાસે વહાણું.
યોવન ધનને હુકમ તે કરો, જરાએ ન કરવો ગર્વ,
સાચો પળ જાય છે આ, હરિ ભજ્યાનું પર્વ.
તે માટે પ્રેમીજન પુરા, પૂજો પંચવદન,
ટેક ધરી આરાધો સીવને, તનમન અરપી ધન.

રાગ ઓખારણનો.

હું તો નીરમળ નિરાધાર, એક સંકરનો આધાર,
મારા સ્વામી સદાસીવરાય, કરગરી લળીને લાગું પાય.
મારે સાચું તે સરણ તમારૂં, જગ સર્વે તે મીથ્યા જાણું,
દેજ્યો ભક્તિતણું મુને દાન, મારા હ્રદયે રહેજ્યો ભગવાન.
સુણો શ્રોતા ધરીમતિ ધીર, ભૂલચૂક નિભાવજ્યો વિર,
નવ જાણું હું સાસ્ત્ર લગાર નવ ઓળખું વિવેક વિચાર.
કદિ કાવ્ય કળા નવ ભણીયો, ગણુ સુધ બુધથી નવ ગણીયો,
સાચું જાણી સંકરનું નામ, બીજું મૂક્યું તે સર્વે તમામ
મેળ માત્રા તણો નવ ગણીયો, એક સંકરનું નામ ભણીયો,
ભાવ કરી વાંચે ધરી નેહ, અંતે સીવ પદ પાંમે તેહ.
આત્મારામ કહે કરજોડ, બોલો જય જય શ્રી રણછોડ,
કડી કીહ્યે ગાયકવાડી ગામ, તેમાં નક્કી નાયકનો ઠામ.

વલણ.

ભાવ ધરી વાંચે ભલું, અતિ ધરી મન ઉમંગરે.
સહાય કરે સીવજી સદા, પ્રેમ લાવી તે સંગરે,
બોલો રામકૃષ્ણ દેવકી જે, હર હર હર માહાદેવ.

समाप्त

અગાઉથી ગ્રાહક થઈ મદદ કરનાર સજ્જનોનાં નામ.

નારાયણ ઉકરામ કરજીસણ	૫
ઘાંચી કાસમ સુલેમાન માસ્તર કડી	૫
નંદલાલ મગનલાલ શુકલ કડી	૧
છોટાલાલ પુરશોતમ શા. કડી	૧
પરી ભાઈલાલ શામળદાસ કડી	૧
માસ્તર મોહનલાલ મગનલાલ કલોલ	૧
દયાશંકર રેવાશંકર સુકલ કડી	૧
ભટ સોમનાથ નારાયણ કડી	૧
નાયક ઇશ્વરલાલ ત્રીકમ કડી	૧
ગવૈયા નારાયણલાલ માધવલાલ કડી	૧
આણુશંકર લીલાધર મેડીકલપ્રુપલ મુ. ગનસુર્યા	૧
ચીમનલાલ નાથાલાલ તલાટી મુ. વડાવી	૧
સદીકભાઇ આરબભાઈ કસરત માસ્તર કડી	૧
માણેકલાલ સુરજબલી કલાલ મુ. કડી	૧
નાયક જેઠાભાઇ ઝવેરદાસ કડી	૧
ચકુરામ કેસવરામ ધુમાસણ ગા. શા. મેહેતાજી	૧
શા. જીવણલાલ અમથાલાલ કડી	૧

જાહેર ખબર.

પંચવદન પ્રાર્થના.

આ નવીન પુસ્તક વાંચનાર સજ્જનોને નવીન સુચના.

પ્રીય વાંચનાર સાહેબો—

મારી યથાશકિત ને અલ્પ બુદ્ધિથી બનાવેલ. એક નવીન–પંચવદન પ્રાર્થના નામનું સુંદર રસીક પુસ્તક થોડા દિવસમાં બહાર પડનાર છે—માટે શોખી ને હરિ–જનોએ તે ઓછી કીમતે અગાઉથી ખરીદવા ચુકવું નહિ. અગાઉથી ગ્રાહક થનાર પાસેથી માત્ર આનો ૧ ને પાછળથી ગ્રાહક થનાર પાસેથી આના બે લેવામાં આ–વશે. તે ચોપડીની કીમત કરતાં ઘણા દરજ્જે ઉંચો મત ધરાવે તેમ છે. જેને તે પુસ્તકની નકલ ખરીદવી હોય તેમણે નીચેના શીરનામા પ્રમાણે લખી જણાવવું.

મારૂં ઠેકાણું કડી ગટચે મનીપુરમાં નાયક આત્મા–રામ ખુશાલ માસ્તર.

નાટપેટ કાગળ લેવામાં આવશે નહિ.